હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે... તને ભુખથી પણ ન મરવાદેવી તેવો કાયદો આવી જાય... તો આપણે બેઉ સાચા સુખી...!!

કિંમતી ધાતુ મેળવવા જાહેરમાં વાયરો સળગાવતા વેપારીઓથી નાગરીકો હેરાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના ગ-૦ પાસે રહેતા ભંગારના વેપારીઓ સાંજ ઢળતા જ જથ્થાબંધ વાયરો સળગાવી તેમાંથી કિમતી ધાતુ મેળવવાની પ્રક્રિયા હાથ ધરે છે. જેને પગલે આસપાસના સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ ફેલાય છે. જેથી વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે શહેરના વાતાવરણને પ્રદૂષિત કરતા આવા તત્વો સામે તંત્રએ લાલ આંખ કરવાની વસાહતીઓ માંગ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં તેમજ શેરીઓમાં સવાર પડતા જ ભંગારમાં ચીજવસ્તુઓ ખરીદવા માટે વેપારીઓ નીકળી પડે છે. સવારથી સાંજ સુધી ખરીદેલી વિવિધ વસ્તુઓ તેઓ મોટા વેપારીને ઉંચો ભાવ મળતા વેચી દે છે. ત્યારે શહેરમાં કેટલાય ભંગારના મોટા વેપારીઓ છે. કે જેઓ યોગ્ય સ્થળે પોતાનો સામાન પ્રોસેસ માટે મોકલે છે. જેમાંથ કિમતી ચીજવસ્તુઓ મળતી હોય છે. જ્યારે કેટલાક વેપારીઓ સાંજ ઢળતા ઘર પાસે જ કચરો તેમજ વાયરો મોટી સંખ્યામાં સળગાવી આસપાસનું વાતાવરણ દૂષિત કરે છે. ત્યારે શહેરના ગ-૧ તેમજ ગ-૦ પાસે ઝાડીમાં રહેતા ભંગારના વેપારીઓ વાયરમાંથી તાંબુ અને એલ્યુમીનીયમ જેવી કિમતી ધાતુ મેળવવા માટે વાયરોનો મોટો જથ્થો એક સાથે સળગાવતા વાતાવરણમાં દુર્ગંધ ફેલાય છે. તેમજ વાતાવરણ અત્યંત પ્રદૂષિત બનતા આસપાસના વસાહતીઓ પણ આ વેપારીઓથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે વાતાવરણ દૂષિત કરતા આવા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવુ રહીશો ઈચ્છી રહ્યા છે.

આપણી સંસ્કૃતિમાં ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ઠારવો એ મોટુ પુણ્યનું કાર્ય ગણાય છે. આ સાથે અન્નનો વેડફાટ કરવો એ એક અધમ કૃત્ય ગણાય છે. સમાજમાં અનેક નાગરિકો હજુ પણ બે ટંક પેટ ભરાય તેટલા પુરતુ ભોજન પામી શકતા નથી અને બીજી તરફ અનેક ભોજન સમારંભોમાં અન્નનો બેફામ વેડફાટ થતો હોય છે. જો કે હવે આ બાબતે ધીમે ધીમે જાગૃતિ આવતી જાય છે. આજે ગાંધીનગરના સેક્ટર-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ ખાતે કોઈક ધાર્મિક પ્રસંગ ઉજવાયો હતો અને તે અંતર્ગત ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભોજન સમારંભમાં ઘણુ બધુ ભોજન વધતા આયોજકોએ સેક્ટર-૧૧માં શ્રમજીવી ગરીબ પરિવારોની વસાહતમાં વહેંચ્યુ હતુ. આ પગલાંને કારણે વધેલા ભોજનનો નિકાલ પણ થયો હતો અને ઝુંપડપટ્ટીના ગરીબ પરિવારોને ભોજન મળતા તેમના ચહેરાં પર સ્મિત ઝળકી ઉઠ્યુ હતુ.

કોંગ્રેસના સામાજિક સંગઠન-સંકલન સેલના પ્રદેશ અધ્યક્ષ તરીકે અજય દવેની નિમણૂંક

અમદાવાદ, તા. ૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

સમિતિના સામાજિક સંગઠન-સંકલન સેલના પ્રદેશ અધ્યક્ષ તરીકે અજય જગદીશ દવેની નિમણુંક કરવામાં આવી છે. રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને રાજ્યસભાના સાંસદ અહેમદ પટેલની સુચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ અજય જગદીશ દવેની નિમણૂંક કરી છે. આ નિયુક્તિને વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ઉપપ્રમુખ મૌલિન વૈષ્વણ, પૂર્વપ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલ સહિત કોંગ્રેસના અગ્રણીઓ તથા વિવિધ સંસ્થાઓના આગેવાનોએ આવકારી છે.

પત્રકારત્વ અને જાહેર જીવનનો ૨૦થી પણ વધુ વર્ષનો અનુભવ ધરાવતા અજય દવે આગામી દિવસોમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં સામાજિક સંગઠન-સંકલન સેલમાં પોતાનું મહત્વપૂર્ણ પ્રદાન કરવા કટિબદ્ધ છે.

શેરથા શનિદેવના સ્થાનક પર ગ્રામ પંચાયતની ચૂંટણી જીતવા ૩૯ ઉમેદવારોની અરજી

૧૧ ઉમેદવારોએ સરપંચ માટે તેમજ ૨૮ વોર્ડ સભ્ય માટે અરજી આપી

ગાંધીનગર, તા. ૨

સમગ્ર ગુજરાતમાં અત્યારે હાલ ગ્રામ પંચાયતની ચૂંટણીનો માહોલ જામ્યો છે. ગણતરીના દિવસોમાં ચૂંટણી યોજાવાની છે ત્યારે સરપંચ અને સભ્યો ચૂંટણી જીતવા માટે ઉમેદવારો બાધા રાખતા હોય છે. જે સામાન્ય બાબત બની ગઈ છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના શેરથા ખાતે આવેલ માનતાવાળા શનિદેવ તરીકે પ્રસિદ્ધ મંદિરે ચૂંટણીમાં જંગ જીતવા ૩૯ ઉમેદવારોએ માથુ ટેકવ્યુ છે. અત્યાર સુધીમાં ૧૧ સરપંચ માટે અને ૨૮ વોર્ડ સભ્યોએ ચૂંટણી જીતવા શનિદેવના સ્થાનકે અરજી કરી છે. શેરથાવાળા શનિદેવ રાજકારણીઓ માટે આસ્થાનું કેન્દ્ર છે.

ગાંધીનગર નજીક આવેલ શેરથા સ્થિત માનતાવાળા શનિદેવ સ્થાનકના મુકેશ પટેલે જણાવ્યું હતું કે બીજા તબક્કાની યોજાનારી ગ્રામ પંચાયતની ચૂંટણી માટે અત્યાર સુધી ૩૯ અરજીઓ આવી ચુકી છે. જેમાં ૧૧ ઉમેદવાર સરપંચ પદના છે. જ્યારે ૨૮ અરજી બોર્ડ સભ્યના ઉમેદવારોએ કરી છે. અહી અરજી કરનારમાં ગાંધીનગર સહિત રાજ્યના અન્ય જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે. માનતાવાળા શનિદેવના સ્થાનકે દુરદુરથી પોતાનું માથુ ટેકવા ભક્તો આવે છે. ત્યારે વિશેષરૂપે રાજકીય આગેવાનોમાં આ સ્થાન હોટ ફેવરીટ છે. અગાઉ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યમાંથી કેટલાક ઉમેદવારો માનતાવાળા શનિદેવના સ્થાનકે આવી ચૂંટણી જંગમાં વિજયી બને તે માટે અરજી મુકી ગયા હતા. સ્થાનક પર અરજી મુકનાર સભ્યોના નામ આપવાની મુકેશભાઈએ સ્પષ્ટ ના પાડી હતી. ગ્રામ પંચાયતોની ચૂંટણી બાદ વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ત્યારે જે તે પક્ષમાંથી ટીકીટ માટે દોડાદોડી કરતા ઉમેદવારો પણ અત્યારથી માનતાવાળા શનિદેવના સ્થાનકે શીશ નમાવા માટે આવે છે. જો કે ચૂંટણી સમયે બાધા રાખવાનો રિવાજ વર્ષોથી યથાવત રહેવા પામ્યો છે.

કાળઝાળ ઉનાળાની ગરમીમાં અબોલ પંખીઓની તરસ છીપાય તે હેતુથી શહેરના વોર્ડ નં. ૭ના કોર્પોરેટર્સ રાકેશભાઈ પટેલ, જયરાજસિંહ વાઘેલા તથા હિરલબેન જોષી દ્વારા પાણીના કુંડાનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

પેથાપુર નગરપાલિકા દ્વારા ૬.૫૦ લાખના વેરાની વસુલાત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર નગરપાલિકા ખાતે ગ્રામ પંચાયતથી આજદિન સુધી ન થયેલી વસુલાત પેથાપુર પાલિકા દ્વારા કરવામાં આવી છે.

તા. ૩૧ માર્ચ ૨૦૧૭ના રોજ વિક્રમી વેરાવસુલાત રૂ. ૬.૫૦ લાખ થવા પામી છે. જ્યારે પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં વસવાટ કરતા હોય અને વેરો ભરપાઈ ન કર્યો હોય તેવા ૫૧ નાગરીકોના પાણીના કનેક્શન કાપી નાંખવામાં આવ્યા છે. તેમ પેથાપુર પાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું છે.

પુસ્તક પરબમાં પુસ્તક સાથે ચકલીઘરની ભેટ મળી

માતૃભાષા અભિયાન અંતર્ગત ગાંધીનગરના ઘ-૪ સર્કલે આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબ યોજાઈ હતી. આ પુસ્તક પરબમાં દર વખતની જેમ આ વખતે પણ શહેરના વાંચન રસિકોએ ભારે ભીડ જમાવી હતી. આ વખતની પુસ્તક પરબમાં મુલાકાતીઓને પુસ્તક સાથે 'ચકલી-ઘર'ની પણ ભેટ મળી હતી. શહેરમાં દર માસના પ્રથમ રવિવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબનું આયોજન કરવામાંઆવેછેજેમાંવાંચન રસિકો પોતાને મનગમતા પુસ્તકો તદ્દન વિના મૂલ્યે મેળવેછે. આ રવિવારે પુસ્તક પરબમાં શહેરમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે 'હેપ્પી સ્પેરો વિક' ઉજવનાર હેપ્પી યુથ ક્લબ દ્વારા પુસ્તક પ્રેમીઓને 'ચકલી ઘર'ની ભેટ આપવામાં આવી હતી. પુસ્તક પરબમાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ જાણીતા કવિ-લેખક-માતૃભાષા અભિયાન અમદાવાદના અગ્રણી રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રજ્ઞાબેન પટેલ, અશોકભાઈ ત્રિવેદી, સ્વાતિ શુકલ, રણછોડભાઈ પરમાર, મૂળજીભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, દિશાંત ગર્ગ, રોહિણી પરમાર વગેરે ઉપરાંત હેપ્પી યુથ ક્લબના સભ્યો સમીર રામી, અશ્વિન ત્રિવેદી, અન્ય અજય ઉપાધ્યાય, વિજયસિંહ માજીરાણા, હરકિશન વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણી પછી BJPમાં છ નેતાઓના ઉદય સાથે બે ડેપ્યુટી CMની 'ફોર્મ્યુલા' આવશે

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ભાજપના સંગઠનમાં થયેલા ફેરફારોને જોતાં સરકારમાં પણ હવે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી પછી મોટો બદલાવ જોવા મળશે, કારણ કે આ વખતની ચૂંટણીમાં ભાજપે ઉમેદવારો પસંદ કરવાનો ઝોક યુવાનો અને મહિલાઓ તરફ વધારે રાખ્યો છે તેથી- જ જો ગુજરાતમાં ભાજપની સરકાર બનશે તો યુવા અને મહિલા પ્રધાનોની સંખ્યા વધારે હશે. પ્રદેશ ભાજપમાં નવા ઉભરતા ચહેરામાં શંકર ચૌધરી, અમિત ઠાકર, ભરત પંડ્યા, જીતુ વાઘાણી, પ્રદિપસિંહ જાડેજા અને અનાર પટેલનો દબદબો જોવા મળશે. બેશક, આ વખતની ચૂંટણી વિજય રૂપાણીના નેતૃત્વમાં લડાઈ રહી છે તેથી મુખ્યપ્રધાનના પ્રથમ દાવેદાર તેઓ રહેશે, જો કે ઉત્તરપ્રદેશની પેટર્ન પ્રમાણે જોઈએ તો ગુજરાતમાં બીજા બે સભ્યો ડેપ્યુટી ચીફ મિનિસ્ટર બની શકે છે. હાલ નિતીન પટેલ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર છે તેમ વધુ એક પોસ્ટ ડેપ્યુટી ચીફ મિનિસ્ટરની આવી શકે છે. આવું કોંગ્રેસ માટે પણ કહી શકાય તેમ છે. જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો ચીમનભાઈની સરકારની જેમ આ વખતે પણ એક ચીફ મિનિસ્ટર અને બે ડેપ્યુટી ચીફ મિનિસ્ટર આવી શકે છે.

ટ્રાફિક પોલીસને મજા, વાહનચાલકોને સજા...

મોટરવાહન એક્ટમાં અત્યાર સુધીનો સૌથી મોટો સુધારો થયો છે એટલે ગુજરાતના વાહનચાલકો માટે લાલબત્તી શરૂ થઈ ચૂકી છે. ટ્રાફિક નિયમન કરવા માટે ટ્રાફિક પોલીસને વધુ સત્તા મળતો કાયદો બની ચૂક્યો છે જેનો અમલ દેશના અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ કરવામાં આવશે. આ કાયદાથી વાહનચાલકોને સજા પણ ટ્રાફિક પોલીસને મજા પડી જવાની છે. આ સુધારેલા એક્ટમાં ડ્રાઈવિંગ કરતી વખતે સગીરનું મોત થશે તો ૨૫ હજારનો દંડ અને ત્રણ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. દારૂ પીને ડ્રાઈવિંગ કરશો તો ૧૦,૦૦૦ અને મોબાઈલ પર વાત કરતાં ગાડી ચલાવતા પકડાશો તો ૫૦૦૦નો દંડ ભરવાનો થશે. હેલ્મેટ નહીં પહેરેલું હોય તો ૧૦૦૦ અને સિટી બેલ્ટ નહીં પહેર્યો હોય તો ૧૦૦૦નો દંડ ભરવો પડશે. પોલીસ લાયસન્સ રદ કરવા સુધીના પગલાં લઈ શકે છે. રસ્તા પર દુર્ઘટના સર્જાય તો પિડીતના પરિવારને મહિનામાં જ ૫,૦૦,૦૦૦નું વળતર આપવું પડશે. જો કે આ નવા કાયદાથી ટ્રાફિક પોલીસના હપ્તાની રકમ વધી જવાની દહેશત છે.

ખબરદાર, કોંગ્રેસના ધારાસભ્યો જતા રહેશે...

ગુજરાત કોંગ્રેસમાં ધમાસાણ ચાલ્યું છે. અમિત શાહ અને શંકરસિંહ વાઘેલાની મુલાકાત બાદ કોંગ્રેસના હાઈકમાન્ડને ચિંતા પેદા થઈ છે કે કોંગ્રેસના શક્તિશાળી નેતાઓ ભાજપમાં જઈ શકે છે. શંકરસિંહ વાઘેલા ભાજપમાં જોડાઈ શકે છે તે ચિંતા તો ખરી જ પરંતુ તેની સાથે કોંગ્રેસના વર્તમાન ધારાસભ્યો પૈકી એક ડઝન કરતાં વધુ સભ્યો ભાજપમાં જોડાઈ જશે તેવું ભયસ્થાન હાઈકમાન્ડને છે, કારણ કે ભાજપનો ટારગેટ ૧૫૦થી વધુ બેઠકો મેળવવાનો છે તે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને ખબર છે અને આ ફિગરને જાળવી રાખવા ભાજપ કોંગ્રેસના સભ્યોને ટીકીટની લાલચ પણ આપી શકે છે. જો તેમ થાય તો કોંગ્રેસના સરકાર બનાવવાના સપનાંને વધુ પાંચ વર્ષ સુધી બ્રેક લાગી શકે છે. કોંગ્રેસ જતાંને રોકી શકતી નથી અને એ પણ જાણે છે કે કોંગ્રેસમાંથી ગયેલો નેતા ભાજપની ટીકીટ પર અવશ્ય જીતે છે.

વાહનચાલકોને જેટલો દંડ વધારે થશે તેટલા હપ્તા મોટા થઇ શકે છે

લઘુમતિઓથી કોંગ્રેસ દૂર થાય તે જરૂરી છે...

રાષ્ટ્રીય કોંગ્રેસના હાથમાંથી તમામ વોટબેન્ક સરકી રહી છે. પહેલાં ગુજરાત અને હવે આખા દેશમાં કોંગ્રેસના કમિટેડ મતો ભાજપમાં કન્વર્ટ થઈ રહ્યાં છે. કોંગ્રેસને જો ટકાવી રાખવી હોય તો એક સિનિયર નેતાએ કહ્યું છે કે- અમારા નેતાઓએ મતભેદો કે મનભેદો ભૂલીને પાર્ટીને ઉપર લાવવામાં તનતોડ મહેનત કરવી પડશે. એકલા લઘુમતિ સંપ્રદાયને પંપાળવાથી કોંગ્રેસ સત્તામાં આવી શકવાની નથી તે અમારા નેતાઓએ સમજી લેવાની જરૂર છે. ગુજરાતમાં ભાજપને મત આપનારા થોકબંધ મુસ્લિમ મતદારોએ હવે ઉત્તરપ્રદેશમાં પણ ભાજપને મત આપ્યા છે, એ દિવા જેવું સ્પષ્ટ છે. કોંગ્રેસે બહુજન હિતાય બહુજન સિખાય એ મંત્રને ચરિતાર્થ કરવો પડશે. તમામ ધર્મ અને જ્ઞાતિઓનો સમુદાય કોંગ્રેસે ભેગો કરવો પડશે. આ કાર્યકરે કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ક્લિન ઉમેદવારો ઉભા રાખવાની સાથે યુવા અને મહિલા ઉમેદવારો ઉભા રાખવાની સ્ટેટેજી બનાવવી જોઈએ. એટલું જ નહીં, કોંગ્રેસે યુવા અને મહિલાઓ માટેનો માસ્ટરપ્લાન પણ લોકો સમક્ષ મૂકવો પડશે.

બદલીની મોસમ આવી, એપ્રિલમાં જ વહીવટમાં ધરખમ ફેરફારો થશે

કોંગ્રેસની કોમેન્ટથી મોદીને ફાયદો જ થયો છે...

ભાજપના ૧૫૦ પ્લસના ટારગેટને પુરો કરવા માટે સ્ટેટ ભાજપને દિલ્હી હાઈમાન્ડે સૂચના આપી છે. ૨૦૧૭માં હવે માત્ર બે રાજ્યો કે જેમાં હિમાચલ પ્રદેશ અને ગુજરાતનો સમાવેશ થાય છે ત્યાં જ ચૂંટણીઓ આવી રહી છે તેથી ભાજપની રાષ્ટ્રીય પાંખનું ધ્યાન એકમાત્ર ગુજરાતમાં ખેંચાયું છે. ૨૦૦૭માં કોંગ્રેસના પ્રેસિડેન્ટ સોનિયા ગાંધીએ તેમના ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદી માટે મોત કા સૌદાગર શબ્દ પ્રયોગ કરીને કોંગ્રેસમાં હાથમાં આવતી સત્તા પર બ્રેક મારી હતી. ૨૦૧૪ની લોકસભામાં કોંગ્રેસના સિનિયર નેતાઓએ મોદી ચાય વેચતા હતા તેવી કોમેન્ટ કરી અને પછી ચાય પે ચર્ચા કરી મોદીએ લોકસભા બહુમત સાથે કબજે કરી લીધી હતી. બીજી તરફ, ઉત્તરપ્રદેશમાં ગુજરાતના ગધેડાંની કોમેન્ટ પછી સમાજવાદી પાર્ટીએ સત્તા ગુમાવી છે. હવે ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસના નેતાઓ એવી કોઈ કોમેન્ટ પસાર ન કરે કે જેથી ભાજપ અને મોદીને લાભ થાય, અન્યથા ભાજપ ૧૫૦નો લક્ષ્યાંક આસાનીથી સર કરી શકશે.

સામૂહિક બદલીઓની મોસમ આવી ચૂકી છે...

ગુજરાતના વહીવટી તંત્રમાં આમૂલ પરિવર્તન કરવાની યોજના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બનાવી છે. આ ચેન્જીસ માટે તેમને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સાથે મસલતો કરી દીધી છે. બદલીઓની ફાઈલ તેમના માર્ગદર્શન પ્રમાણે બનાવવામાં આવી છે. પહેલાં જિલ્લાના વહીવટી તંત્રમાં ફેરફારો કરીને પછી સચિવાલયના મુખ્ય વિભાગોમાં બદલીઓ કરવાનો તેમનો પ્લાન છે. હાલ જે ઓફિસરોને વધારાના હવાલા આપવામાંઆવ્યા છે તે દૂર કરી સંપૂર્ણ ચાર્જ આપવાનું નક્કી કર્યું છે કે જેથી ઓફિસર તેમને સોંપેલી જવાબદારી નિભાવી શકે. ખાસ કરીને શહેરોના મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓમાં પણ મોટા ફેરબદલ કરવાની તૈયારી મુખ્યમંત્રીએ કરી છે. સામૂહિક બદલીઓની મોસમ એપ્રિલ મહિનામાં આવી રહી છે. એવાં પણ કેટલાર ફેરફારો છે કે જે આંચકો અપાવી શકે છે. નહીં કલ્પેલા ઓફિસરોને પ્રાઈમ પોસ્ટીંગ મળી શકે છે અને આશ્ચર્યજનકરીતે એવા સિનિયર અધિકારીઓને સાઈડ પોસ્ટીંગમાં મૂકાશે કે જેની કલ્પના પણ નહીં કરી હોય. મુખ્યમંત્રી વહીવટી પક્કડ મજબૂત કરવા વફાદાર અધિકારીઓને સારા પોસ્ટીંગ આપે તે શક્યતા નકારી શકાય તેવી નથી.

કોંગ્રેસના મજબૂત લિડર્સ ભાજપમાં જોડાય તો ૧૫૦-પ્લસ મિશન શક્ય

સુધીર માંકડને ફરીથી બે વર્ષની લોટરી લાગી...

ગિફ્ટ સિટીનો હવાલો ૨૦૦૭માં વય નિવૃત્ત થયેલા ચીફ સેક્રેટરી સુધીર માકડ સંભાળી રહ્યાં છે. નિવૃત્તિ પછીના ૧૦ વર્ષથી તેઓ સરકારમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિએ સેવાઓ આપી રહ્યાં છે. સુધીર માંકડ ૨૦૦૫ થી બે વર્ષ માટે ચીફ સેક્રેટરી પદ પર હતા ત્યારબાદ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને ગિફ્ટ સિટીના ચેરમેનની પોસ્ટ પર વરણી કરી હતી. મોદી સરકારે ગયા વર્ષે જ સુધીર માંકડને ભારતીય રિઝર્વ બેન્કના ડીરેક્ટર તરીકે નિયુક્ત કર્યા હતા. મજાની બાબત એવી છે કે ગિફ્ટ સિટીનો પાયો ત્યારે જ નંખાયો જ્યારે સુધીર માંકડ રાજ્યના ચીફ સેક્રેટરી હતા. ગુજરાત સરકારે મોદીના કહેવાથી સુધીર માંકડને વધુ બે વર્ષ સુધીનું એક્સટેન્શન આપ્યું છે. આ સિટીમાં હવે ફાયનાન્સિયલ કંપનીઓનો ધમધમાટ ચાલુ થયો છે અને તેનું એક્સપાન્સન પણ ચાલી રહ્યું છે.

પોલીસમાં ઘટ હોય તે સહેજે ચાલી ન શકે...

ગુજરાતમાં આઈએએસ ઓફિસરોની જગ્યા વધારાના હવાલાથી ભરવામાં આવે છે તેમ આઈપીએસ ઓફિસરોને પણ વધારાના હવાલા આપવામાં આવે છે. રાજ્યના પોલીસ વડાની પોસ્ટ છેલ્લા એક વર્ષથી ખાલી પડી છે. એ ઉપરાંત પોલીસ વિભાગમાં ૨૫ આઈપીએસ અધિકારીઓની જગ્યા ખાલી પડી છે. રાજ્યમાં ઈન્ચાર્જ ડીજીપી પીપી પાન્ડેય એપ્રિલ ૨૦૧૬થી રાજ્ય પોલીસ વડાના ચાર્જમાં છે, જ્યારે હોમગાર્ડના ડીજી એચપી સિંગ અને જેલ આઈજી બીએસ જેબલિયા વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. ખાલી જગ્યાઓને ઓફિસરોથી ભરવા માટે ગૃહ વિભાગમાં મેરેથોન બેઠકો ચાલી રહી છે ત્યારે એવું લાગી રહ્યું છે કે આઈએએસ ઓફિસરોની જેમ આઈપીએસ ઓફિસરોમાં બદલી અને બઢતીની મોસમ આ મહિને આવી શકે છે. પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા માટેની ફાઈલ અમિત શાહના પરામર્શમાં રહીને તૈયાર કરવામાં આવી છે.

ફરિયાદ કે કામની ફાઇલમાં ઓનલાઇન ટ્રેકિંગ...

ગુજરાત સરકારમાં હવે પબ્લિક માટે મહત્વની જાહેરાતો થવાની સંભાવના વધી ગઈ છે. ૧૯૯૫માં કેશુભાઈની સરકારની રચના પહેલાં ભાજપના વચનો અને સરકાર પછી લેવાયેલા ધડાધડ નિર્ણયોની ઉંડી અસર ગુજરાતની જનતા પર થઈ હતી. હાલ જે રીતે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ નિર્ણયો લઈ રહ્યાં છે તે રીતે ગુજરાતની નવી સરકાર નિર્ણયો લઈ શકે તે માટે ચૂંટણી પ્રચારના મુદ્દાઓ તૈયાર થઈ રહ્યાં છે. ભાજપનો મેનિફેસ્ટો બને તે પહેલાં કેટલાક પ્રજાલક્ષી નિર્ણયો લેવાનું સરકારના વિવિધ વિભાગોને કહી દેવામાં આવ્યું છે. પબ્લિક સાથે સંકળાયેલા જે વિભાગો છે તેમાં ફાઈલ કે ફરિયાદોનું નિરાકરણ લાવવા માટે ઓનલાઈન ટ્રેકીંગ સિસ્ટમ બનાવવામાં આવી રહી છે. સરકારી વિભાગોમાંથી ભ્રષ્ટાચાર દૂર થાય તે માટે અરજદારની ફરિયાદ કે કામ માટેની ફાઈલોને પારદર્શકરીતે અરજદાર કે દરખાસ્ત મૂકનાર વ્યક્તિને મળી શકે છે પરંતુ તેનો પાસવર્ડ હોવાથી જે તે વ્યક્તિ જ તેને એક્સેસ કરી શકશે, અન્યથા કોઈપણ વ્યક્તિની કોઈપણ ફાઈલ કોઈપણ વ્યક્તિ જોઈ શકે છે. આ સુવિધાથી ગાંધીનગરના ધક્કા ખાવાની સંખ્યા ઘટી શકે છે.